| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૧/૧૦/૧૯૯૧ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૧૧/૧૦/૧૯૯૧ |
| ફેંસલ તારીખ | ૧૭/૦૫/૨૦૨૪ |
| સમયગાળો | <u>વર્ષ</u> <u>માસ</u> <u>દિવસ</u><br>૩૨ ૦૭ ૦૬ |

**મહે. એડી.ચીફ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૬,અમદાવાદ.**

| | |
|---|
| **ફોજદારી કેસ નંબરઃ – ૨૧૯૮/૧૯૯૧** |
| **આંકઃ – 13** |

**ફરીયાદી :– શ્રી સરકાર**

(મુળ ફરીયાદીઃ–પ્રમોદભાઇ દેવીશંકર શર્મા)

**–– વિરૂદ્ધ ––**

**આરોપી :– (૧) મનોજભાઇ ભાઇલાલભાઇ પટેલ,**

રહે.૨૨, ચુંવાળ સોસાયટી, પ્રકાશનગર,ચાંદલોડીયા, અમદાવાદ.

**(૨) હરેશકુમાર નેમચંદ્રભાઇ શાહ,**

રહે.૧૦, કૃષ્ણનગર સોસાયટી,કમલાનહેરૂ પાર્ક પાસે, બહેરામપુરા,અમદાવાદ.

**ગુન્હોઃ– ઇ.પી.કો.કલમ–૪૨૦, ૪૮૨, ૪૮૬, ૧૧૪ તથા ધી કોપીરાઇટ એક્ટ ૧૯૫૭ની કલમ–૬૩ તથા ધી ટ્રેડ માર્ક એક્ટ–૭૮, ૭૯ મુજબ.**

| |
|---|
| ફરીયાદી તરફે વિ.એ.પી.પી..શ્રી કે.એસ.ચૌધરી |
| આરોપી તરફે વિ.વ.શ્રી જી.જી.ત્રિવેદી |

# ચુકા દો

(૧) આ કામે ફરીયાદી પ્રમોદભાઇ દેવીશંકર શર્માનાએ આઇ.પી.સી. કલમ–ઇ.પી.કો.કલમ–૪૨૦, ૪૮૨, ૪૮૬, ૧૧૪ તથા ધી કોપીરાઇટ એક્ટ ૧૯૫૭ની કલમ–૬૩ તથા ધી ટ્રેડ માર્ક એક્ટ–૭૮, ૭૯ મુજબનાં ગુન્હાની ફરીયાદ મે. મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૬,અમદાવાદમાં આપેલી, જે ફરીયાદ સબંધીત કાલુપુર પોલીસ સ્ટેશને એમ.કેસ નં.૪૨/૧૯૯૧ થી આઇ.પી.સી. કલમ–ઇ.પી.કો.કલમ–૪૨૦, ૪૮૨, ૪૮૬, ૧૧૪ તથા ધી કોપીરાઇટ એક્ટ ૧૯૫૭ની કલમ–૬૩ તથા ધી ટ્રેડ માર્ક એક્ટ–૭૮, ૭૯ મુજબનો ગુન્હો દાખલ થયેલ, જે ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામનાં આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં આ કામનાં ફરીયાદીની કંપની મેક મીલન ઇન્ડીયા લી.નાં હક્કો તથા ટ્રેડમાર્કવાળી ગુજરાત યુનિ.ની માન્ય અંગ્રેજી ટ્રેકમ બુક એફ.વાય.બી.કો.ની " કરન્ટ ઇંગ્લીશ ફોર કોલીજીસ" બુક કંપનીની પરવાનગી વગર જુન–૯૧ માં અસલ બુક જેવી જ ડુપ્લીકેટ બુક છપાવી આ કામનાં સાહેદ નં.૯. થી ૧૨ નાઓને અસલ બુક છે તેમ કહી બુક વેચી કંપની સાથે છેતરપીંડી કરી મળી આવેલ. તેમ કરી આરોપીઓએ ઇ.પી.કો.કલમ–૪૨૦, ૪૮૨, ૪૮૬, ૧૧૪ તથા ધી કોપીરાઇટ એક્ટ ૧૯૫૭ની કલમ–૬૩ તથા ધી ટ્રેડ માર્ક એક્ટ–૭૮, ૭૯ મુજબનો ગુના કરેલ છે, જે અંગે પ્રથમ બાતમી અહેવાલ દાખલ કરી, પોલીસે ગુનાની તપાસ કરેલ અને તપાસ દરમિયાન પુરતો પુરાવો મળી આવતા હાલનાં આરોપીઓ વિરૂધ્ધ સી.આર.પી.સી.કલમ–૧૭૩ મુજબનો ચાર્જશીટ કોર્ટમાં રજુ કરેલ, જે અન્વયે કોર્ટ દ્વારા સદરહુ ગુનાનું કોગ્નીઝન્સ લઇ આરોપીઓ વિરૂધ્ધ તહોમતનો જવાબ દેવા સમન્સ કરવામાં આવેલ. સદર કામ દરમ્યાન આ કામનાં આરોપી નં.૨. હરેશકુમાર નેમચંદ્રભાઇ લાંબા સમય સુધી મળી આવતા ન હોય,અત્રેની કોર્ટ દ્વારા આંક–૧ નીચે તા.૧૬–૦૬–૨૦૨૨ નાં હુકમ કરી સી.આર.પી. સી. ૨૯૯ મુજબ આરોપી નં.૨.ની ગેરહાજરીમાં ફરીયાદપક્ષનો પુરાવો રેકર્ડ કરવા હુકમ કરેલો. ત્યારબાદ આરોપી નં.૧. હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલ વિના મુલ્યે આપવામાં આવેલી. ત્યારબાદ આરોપીઓ સામે આંક–૦૪ થી ગુન્હાનું તહોમત ફરમાવી આંક–૦૫ લગત પ્લી રેકર્ડ કરવામાં આવેલ, જેમા આરોપીઓએ ગુનો કબુલ ન હોવાનુ જણાવતા કેસ

આગળ ચલાવવામાં આવેલ.

(૨) આ કામે ફરીયાદપક્ષ તરફે તેના કેસનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે.

**ફરીયાદપક્ષનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવોઃ–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | સાહેદ અતુલભાઇ ચંપકલાલ શાહની સોગંદ પર જુબાની | ૦૬ |
| ૨. | ત.ક.અ. પ્રવિણસિંહ ગટોરસિંહ વાઘેલા(પો.ઇ.)ની સોગંદ પર જુબાની | ૦૮ |
| ૩. | ઓથોરીટી લેટરની નકલ | ૦૯ |
| ૪. | પંચનામાની નકલ | ૧૦ થી ૧૨ |

આ કામે ફરીયાદી તથા અન્ય સાહેદોને સમન્સ કરતા મળી આવતા ન હોય, તેઓને ફરીયાદપક્ષ દ્વારા સોગંદ ઉપર તપાસવામાં આવેલ નથી તેમજ આ કામે સાહેદ નં.૯.ને આંક–૦૭ વાળો સમન્સ કરતા મરણ ગયેલ હોવાના શેરા તથા મરણનાં પ્રમાણપત્રની નકલ સાથે પરત આવેલ છે.

(૩) ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયા બાદ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૧૩ ની જોગવાઇ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે,જેમા આરોપીએ ફરીયાદપક્ષનો પુરાવો તેની હાજરીમાં લેવામાં આવેલ હોવાનું જણાવેલ છે તથા અન્ય હકીકત અંગે ઇન્કાર કરેલ હોવાનુ તેમજ બચાવના સાહેદો તપાસવાના તથા સોગંદ ઉપર જુબાની આપવાની ઇન્કારી કરી, વિશેષમાં જણાવેલ છે કે,તેઓની ઉપર ખોટો કેસ કરેલ છે, તેઓએ આવો કોઇ ગુન્હો કરેલ નથઈ અને તેઓ નિર્દોષ છે તેઓને છોડી મુકવા જોઇએ.

(૪) આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ મૌખિક કેસનાં રેકર્ડ મુજબ રજુઆતો કરેલ છે અને આરોપીને દોષિત ઠરાવવા અરજ કરેલ છે તથા આરોપી તરફે તેના વિ.વ.શ્રીએ બચાવમાં દલિલ કરી એવુ જણાવેલ છે કે,આરોપી સામેનાં તહોમત મુજબનો કેસ ફરીયાદપક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે.જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઇએ.

(૫) હાલનાં કેસની હકીકત, ફરીયાદપક્ષનો પુરાવો, કાયદાકીય જોગવાઇ ધ્યાને લેતા આ કેસનાં નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્ધા ઉપસ્થિત થાય છે.

## //મુદ્ધા//

(૧) શું ફરીયાદપક્ષ એ હકીકત વ્યાજબની શંકાથી પર એ હકીકત સાબીત કરે છે કે, આ કામનાં આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં આ કામનાં ફરીયાદીની કંપની મેક મીલન ઇન્ડીયા લી.નાં હક્કો તથા ટ્રેડમાર્કવાળી ગુજરાત યુનિ.ની માન્ય અંગ્રેજી ટ્રેકમ બુક એફ.વાય.બી.કો.ની " કરન્ટ ઇંગ્લીશ ફોર કોલીજીસ" બુક કંપનીની પરવાનગી વગર જુન-૯૧ માં અસલ બુક જેવી જ ડુપ્લીકેટ બુક છપાવી આ કામનાં સાહેદ નં.૯. થી ૧૨ નાઓને અસલ બુક છે તેમ કહી બુક વેચી કંપની સાથે છેતરપીંડી કરી મળી આવેલ. તેમ કરી આરોપીઓએ ઇ.પી.કો.કલમ-૪૨૦, ૪૮૨, ૪૮૬, ૧૧૪ તથા ધી કોપીરાઇટ એક્ટ ૧૯૫૭ની કલમ-૬૩ તથા ધી ટ્રેડ માર્ક એક્ટ-૭૮, ૭૯ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ?

(૬) ઉપરોક્ત મુદ્ધાઓ અંગેનાં મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ.

## <u>// કારણો //</u>

(૭) **<u>મુદ્ધા નં.૧</u>**

(૭.૧) આ કામે આરોપી સામેનાં તહોમત જોઇએ તો, આરોપીએ ધી કોપીરાઇટ એક્ટની કલમ-૬૩ મુજબનો ગુન્હો કર્યા અંગેનાં છે. કોપી રાઇટ એટલે **Copyright** is the exclusive right given to the creator of a creative work to reproduce the work, usually for a limited time. The creative work may be in a literary, artistic or musical form. Copyright is intended to protect the original expression of an idea in the form of a creative work, but not the idea itself.

કોપીરાઇટ એક્ટની કલમ-૬૩ માં કોપીરાઇટનાં ભંગ બદલ સજાની

જોગવાઇ કરવામાં આવેલ છે, જે નીચે મુજબ છે.

**Section 63**

**63. Offence of infringement of copyright or other rights conferred by this Act. Any person who knowingly infringes or abets the infringem**ent of-

(a) the copyright in a work, or

(b) any other right conferred by this Act, *[except the right conferred by section 53A] **[shall be punishable with imprisonment for a term which shall not be less than six months but which may extend to three years and with fine which shall not be less than fifty thousand rupees but which may extend to two lakh rupees :

Provided that ***[where the infringement has not been made for gain in the course of trade or business] the court may, for adequate and special reasons to be mentioned in the judgement, impose a sentence of imprisonment for a term of less than six months or a fine of less than fifty thousand rupees.]

Explanation.-Construction of a building or other structure which infringes or which, if completed, would infringe the copyright in some other work shall not be an offence under this section.

કોપીરાઇટનો ભંગ ક્યારે થયેલો ગણાય તેની જોગવાઇ કલમ–૬૫ માં કરવામાં આવેલ છે.

**(૭.૨)** ઉપરોક્ત હકીકત સાબિત કરવા માટે ફરિયાદ પક્ષે આંક–૦૬ થી ફરીયાદી અતુલભાઇ ચંપકલાલ શાહને તપાસેલ છે. જેઓ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ અતુલ પ્રકાશન નામની દુકાન ગાંધી રોડ ઉપર ધરાવે છે, આ દુકાન ૩૦ થી ૪૦ વર્ષથી ધરાવે છે, તેઓ કોઇ મનોજભાઇ ભાઇલાલભાઇ પટેલ નામની વ્યકિતને ઓળખતા નથી. તેઓ એજ્યુકેશન બુકોનુ વેચાણ કરે છે, તેઓ હરીશભાઇ શાહ નામની કોઇ વ્યકિતને ઓળખતા નથી. તેઓની દુકાનેથી કે બીજા કોઇની દુકાનેથી તેઓની હાજરીમાં કોઇએ કોઇ ચીજવસ્તુઓ કે બુકો કબ્જે કરેલ હોય તેવુ બનેલ નથી. તેઓએ પોલીસને કાંઇ લખાવેલ હોય તેવુ તેઓને યાદ નથી. સને–૧૯૯૧ ની સાલમાં કોઇ કેસ બનેલ હોય અને તેઓએ પોલીસને કાંઇ લખાવેલ હોય તેવુ બનેલ નથી. ભુપેન્દ્રભાઇ

ચંપકલાલ શાહ તેઓના મોટાભાઇ થાય છે, તેઓ સાતેક વર્ષ પહેલા કુદરતી કારણોસર ગુજરી ગયેલ છે.

આમ, આ સાહેદ ફરીયાદપક્ષનાં કેસને સમર્થનકારી પુરાવો આપતા ન હોય, ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેઓને હોસ્ટાઇલ જાહેર કરી ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતા ઉલટતપાસ કરવાની પરવાનગી આપવામાં આવેલ, પરંતુ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષનાં કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી. જ્યારે આરોપી તરફે ઉલટતપાસ નથી. આમ, આ સાહેદ ફરીયાદપક્ષનાં કેસને સમર્થનકારી પુરાવો આપતા ન હોય,તેઓની જુબાની ફરીયાદપક્ષનાં કેસને મદદરૂપ થઇ શકતી નથી.

**(૭.૩)** આ કામે ફરિયાદ પક્ષે આંક-૦૮ થી ત.ક.અ. પ્રવિણસિંહ ગટોરસિંહ વાઘેલાને તપાસેલ છે. જેઓ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે,તેઓ ૧૯૯૧ માં કાલુપુર પો.સ્ટે.માં પો.સ.ઇ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તા.૦૧-૧૦-૧૯૯૧ નાં રોજ તેઓએ આ ગુન્હાની તપાસ પો.સ.ઇ. એ.આર.બાગલેનાઓ પાસેથી સંભાળેલ, તેઓએ આ ગુન્હાનાં કામે તા.૦૧-૧૦-૧૯૯૧ નાં રોજ સાહેદ રમેશભાઇ અચલાજીનાઓનું નિવેદન લીધેલ અને આ ગુન્હાનાં કામે આરોપીઓ વિરૂધ્ધ ઇ.પી.કો.કલમ-૪૨૦,૪૮૨, ૪૮૬,૧૧૪ તથા કોપીરાઇટ એક્ટની કલમ-૬૩ તથા ટ્રેડ માર્ક એક્ટ-૭૮,૭૯ મુજબ પુરતા પુરાવા હોય, નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલુ.તેઓના અગાઉના પો.સ.ઇ. એ.આર. બાગલેએ આ ગુન્હાની સંપુર્ણ તપાસ કરેલી, તેઓએ ફક્ત ચાર્જશીટ કરેલ છે.તેઓને ઇન્કવાયરી નં.૧૪૬/૯૧ બતાવતા તેમા જોઇને કહે છે કે તેઓને તપાસમાં મળેલ તે જ ફરીયાદ છે તેમજ તેઓને તપાસમાં કંપનીએ ફરીયાદીને ઓથોરીટી આપેલી તે ઓથોરીટી મળેલી, જે ઓથોરીટી બતાવતા તેઓએ ચાર્જશીટ સાથે સામેલ રાખેલ તે જ હોવાનુ ઓળખી બતાવી આંક-૦૯ થી પુરાવામાં રજુ રાખેલ છે.તા.૦૦૫-૦૮-૧૯૯૧ નાં રોજ પો.સ.ઇ. એ.આર. બાગલેએ પંચો જીતેન્દ્ર ભાવસાર, અમીન શેખની રૂબરૂમાં પંચનામુ કરેલુ, જે તેઓને તપાસમાં મળેલુ તે જ છે, જેમા પો.સ.ઇ. બાગલેની સહી ઓળખી બતાવી આંક-૧૦ થી પુરાવામાં રજુ રાખેલ છે. તા.૦૫-૦૮-૧૯૯૧ નાં રોજ બે પંચો અશોક સોલંકી, વિજય પટેલની હાજરીમાં પો.સ.ઇ. એ.આર.બાગલેએ પંચનામુ કરેલુ, જે તેઓને તપાસમાં મળેલુ તે જ હોવાનુ જણાવી તથા પો.સ.ઇ. બાગલેની સહી ઓળખી બતાવી આંક-૧૧ થી

પુરાવામાં રજુ રાખેલ છે.તા.૦૬–૦૮–૧૯૯૧ નાં રોજ બે પંચો ભુપેન્દ્ર પ્રજાપતિ, હરેશ ભાવસારની હાજરીમાં પો.સ.ઈ. એ.આર.બાગલેએ પંચનામુ કરેલુ, જે તેઓને તપાસમાં મળેલુ તે ઓળખી બતાવી તેમા પો.સ.ઈ. બાગલેની સહી ઓળખી બતાવી આંક–૧૨ થી પુરાવામાં રજુ રાખેલ છે. પો.સ.ઈ. બાગલેએ સાહેદો વિશ્વનાથ નલીનભાઈ, અતુલભાઈ, ભુપેન્દ્રભાઈનાં તેમના લખાવ્યા મુજબનાં નિવેદનો લખી લીધેલા, જે તેઓએ ચાર્જશીટ સાથે સામેલ રાખેલ.સદર કેસમાં આરોપીઓએ એકબીજાનાં મેળાપીપણામાં ફરીયાદીની કંપની મેકમીલન ઈન્ડીયા લી. નાં હક્કો તથા ટ્રેડમાર્કવાળી ગુજરાત યુનિ. ની એફ.વાય.બી.કો. ની કરન્ટ ઈંગ્લીશ ફોર કોલેજીસ પરવાનગી વગર છપાવી સાહેદ નં.૯. થી ૧૨.ને અસલ બુકો છે તેમ કહી કંપની સાથે છેતરપીંડી વિશ્વાસઘાત કરેલો.

આરોપી તરફે વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરતા એ વાત ખરી હોવાનુ જણાવે છે કે, ફરીયાદીને રૂબરૂમાં બોલાવીને તેઓએ કોઈ પુછપરછ કરેલ નહી. એ વાત ખરી હોવાનુ જણાવે છે કે, આરોપી પાસેથી આવુ કોઈ સાહિત્ય પંચનામુ કરી કબજે કરેલ નહી.

આમ, આ સાહેદ કે જેઓ નજરે જોનાર સાહેદ નથી અને તેઓની ઉપરોક્ત સોગંદ પરની જુબાની ધ્યાને લેતા તેઓએ ફક્ત ચાર્જશીટ કરેલ હોવાનુ જણાઈ આવે છે.

(૮) આમ, આ કામે ઉપરોક્ત હકીકતે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો જોઈએ તો સદર કામે ફરીયાદ આપનાર કે તપાસ કરનાર અમલદારને ફરીયાદપક્ષ તપાસી શકેલ નથી. સદર કામે ફરીયાદ આપનાર મુળ ફરીયાદી પ્રમોદભાઈ દેવીશંકર શર્માને વારંવાર સમન્સ / વોરન્ટ કરવા છતા મળી આવેલ ન હોય તેમજ સદર કામે આ કામનાં તપાસ કરનાર અમલદાર મળી આવતા ન હોય, ફરીયાદપક્ષ તેઓને સોગંદ પર તપાસી શકેલ નથી, જેથી સદર કામે ફરીયાદ રજુ થયેલ નથી.જેથી ફરીયાદમાં જે હકીકત મુળ ફરીયાદીએ લખાવેલ છે તે ખરી હતી કે ખોટી ? તે બાબતે તેઓને તપાસી શકાયેલ નથી. આથી, આરોપી તરફે તેમા લખેલ બાબતોની ઉલટતપાસ થઈ શકેલ નથી. વધુમાં સદર કામે સાહેદ અતુલભાઈને આંક-૦૬ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, જેઓ ફરીયાદપક્ષનાં કેસને સમર્થન કરતા ન હોય, હોસ્ટાઈલ જાહેર થયેલ છે. વધુમાં આ કામે ફક્ત ચાર્જશીટ કરનાર ત.ક.અ. પ્રવિણસિંહ જી.વાઘેલાને આંક-૦૮ થી સોગંદ ઉપર તપાસવામાં

આવેલ છે, તેઓની સોગંદ પરની જુબાની ધ્યાને લેતા તેઓએ ફક્ત ચાર્જશીટ કરેલ હોવાનુ જણાવેલ છે તેમજ તેઓની જુબાનીમાં આંક-૦૯ થી ઓથોરીટી લેટર તથા આંક-૧૦ થી આંક-૧૨ સુધી પંચનામાઓ રજુ થયેલ છે, પરંતુ સદર કામે તેમા નીચે સહી કરનારને ફરીયાદપક્ષ દ્વારા સોગંદ ઉપર તપાસવામાં આવેલ નથી કે સદર કામે પંચનામુ કરનારને કે પંચસાહેદોને પણ ફરીયાદપક્ષ દ્વારા સોગંદ ઉપર તપાસવામાં આવેલ નથી.આ સંજોગોમાં આ કામે ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ સાક્ષી પુરાવાને ધ્યાને લેતા ફરીયાદપક્ષ દ્વારા તેમનો કેસ પડેલ પુરાવાથી તેઓનાં દ્વારા સાબિત કરી શકાયેલ ન હોય, આ કામનાં આરોપીને સદર ગુન્હાનાં કામે નિર્દોષ છોડી મુકવા હુકમ કરવામાં આવે તો તે વ્યાજબી અને ન્યાયોચીત જણાય છે. સમગ્ર રીતે ફરીયાદપક્ષ આરોપી સામેનાં તહોમત મુજબનો કેસ સાબિત કરવા લેશમાત્ર પુરાવો રજુ કરી શકેલ નથી.આ કામે આરોપી નં.૨. મળી આવતા ન હોય, જેથી તેની સામે સી.આર. પી.સી.કલમ–૨૯૯ અન્વયે પુરાવો રેકર્ડ કરવામાં આવેલો છે. સી.આર. પી.સી.કલમ–૨૯૯ તળે પુરાવો રેકર્ડ કરવાનો ઉદ્દેશ એ છે કે, ભવિષ્યમાં આરોપી નં.૨. મળી આવે તો તે માટે પુરાવો સંરક્ષીત કરવામાં આવે અને આરોપી નં.૨. મળી આવે ત્યારે તેનો તેની વિરૂદ્ધ ઉપયોગ કરવામાં આવે. નામ.ગુજરાત હાઇકોર્ટ દ્વારા પણ સર્કયુલર નં.સી–૨૬૧૮/૨૦૧૬ તા.૦૫–૦૭–૨૦૧૬ થી આ અંગે કરવામાં આવેલ છે. આરોપીઓ સામે રજુ થયેલ પુરાવો જોતા ભવિષ્યમાં આરોપી નં.૨. મળી આવે તો પણ તેને દોષિત ઠરાવી શકાય તેમ નથી. આથી સમગ્ર રીતે ફરીયાદપક્ષનાં કેસ મુજબ આ કામનાં આરોપીએ ગુન્હો કર્યાની હકીકત સાબીત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ રહેલ છે. જેથી મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે.

**મુદ્દા નં.૨**

(૯) ઉપરોક્ત મુદ્દા નં.૧ નો નિર્ણય કેસ હકીકતને, કાયદાકીય જોગવાઇ, રજુઆતો ધ્યાને લઇ આ કામે ન્યાયનાં હિતમાં મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## આખરીહુકમ

(૧) આ કામનાં આરોપી**(૧)મનોજભાઇ ભાઇલાલભાઇ પટેલ(૨) હરેશકુમાર નેમચંદ્રભાઇ શાહ**નાઓને ઇ.પી.કો.કલમ–૪૨૦, ૪૮૨, ૪૮૬, ૧૧૪ તથા ધી

કોપીરાઇટ એક્ટ ૧૯૫૭ની કલમ–૬૩ તથા ધી ટ્રેડ માર્ક એક્ટ–૭૮, ૭૯ મુજબનાં ગુન્હાનાં તહોમતમાંથી સી.આર.પી. સી.કલમ–૨૪૮(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કરવામાં આવેલ છે.

**(૨)** આ કામે કબજે કરેલ મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવા હુકમ કરવામાં આવે છે.

**(૩)** ફોજદારી કાર્યરીતી સંહિતા(સુધારેલ)માં ઉમેરાયેલ કલમ–૪૩૭(એ) ની જોગવાઇ ધ્યાને લેતા આરોપીએ રજુ રાખેલ જામીન તથા જામીનખત આ ઠરાવની તારીખથી છ માસ સુધી ચાલુ રહેશે અને બાદ આપો–આપ રદ થયેલ ગણવામાં આવશે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૧૭/૦૫/૨૦૨૪

**(સંદિપસિંહ જી. ડોડીયા)**
એડી.ચીફ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૬,અમદાવાદ.
યુનિક આઇ.ડી. જી.જે.૦૦૯૦૨